આંગણવાડી કાર્યકર / તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો અન્વયે રહેઠાણ અંગેના પ્રમાણપત્ર બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨)

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૧૧/૨૦૧૯

વંચાણે લીધા:-

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૫/૧૧/૨૦૧૯ નો ઠરાવ.

**//ઠરાવ//**

આમુખ (૧) થી આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા, સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના નિયમ ૩.૩ મુજબ,

*"આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા મામલતદારશ્રી દ્વારા આપવાના થતા નિયત નમુનાનાં રહેવાસી પ્રમાણપત્રની તારીખે ગ્રામીણ વિસ્તારના સંદર્ભમાં આંગણવાડી જે મહેસુલી ગામમાં સ્થાપન થયેલી હશે તે મહેસુલી ગામની અને શહેરી વિસ્તારના સંદર્ભમાં આંગણવાડી કેન્દ્ર જે નગરપાલિકા / મહાનગરપાલિકાના ચૂંટણી વોર્ડના વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારની ઓછામાં ઓછી એક વર્ષની સ્થાનિક નિવાસી હોવી જોઈએ. આ માપદંડ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ નક્કી કરે એવા નમુનાનું જન-સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવતુ સ્થાનિક રહેવાસીનું ફક્ત મામલતદારશ્રીનું પ્રમાણપત્ર જ ધ્યાને લેવામાં આવશે. માનદસેવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ પહેલાના છ માસના સમયગાળાની અંદર આવું નિયત નમુનાનું પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ હોવું જોઈએ. સંબંધિત જાહેરાતની તારીખે છ માસથી વધારે સમય પહેલા ઈસ્યુ થયેલ પ્રમાણપત્ર તેમજ રહેવાસી હોવા બાબતના અન્ય કોઈ પણ પુરાવાઓને ધ્યાને લેવામાં આવશે નહિ."*

આમ, આ નિયમો અન્વયે મામલતદારશ્રી દ્વારા રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર આપવાની બાબત વિચારણા હેઠળ હતી, જે આ સાથે સામેલ પરિશિષ્ટ-૮ મુજબ મામલતદાર કચેરી દ્વારા આપવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
3. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
6. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. તમામ કલેક્ટરશ્રી, જિલ્લા કલેક્ટર કચેરી, ......................
8. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ......................
9. તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .....................
10. તમામ વિભાગીય નાયબ નિયામકશ્રી, ..........................
11. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, જિલ્લા પંચાયત કચેરી,...................
12. તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, આઈસીડીએસ, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...................
13. શાખા સિલેક્ટ ફાઈલ

# પરિશિષ્ટ-૮ (નિયમ-3.3)

## રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબત

| | |
|---|---|
| ૧. જોગવાઈ: | આંગણવાડી કાર્યકર તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા સમીક્ષા, શિસ્ત બાબતના નિયમો (મહિલા અને બાળ વિકાસનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ (પાર્ટ-૨)) |
| ૨. અરજી કોને કરવી: | મામલતદારશ્રી |
| 3. નિકાલ માટેના સત્તાધિકારી: | મામલતદારશ્રી |
| ૪. નિકાલ માટેની સમયમર્યાદા: | ૨ દિવસ |

- અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માંગ્યા મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહિ.

<u>અરજી સાથે નીચેમાંથી કોઈ એક રહેઠાણના પુરાવાની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.</u>

1. રેશન કાર્ડ
2. મતદાર ફોટો ઓળખકાર્ડ
3. આધારકાર્ડ
4. લાઈટબીલ/ટેલીફોન બીલ/મ્યુનિસિપલ ટેક્ષ બીલ
5. પાસપોર્ટ
6. બેંક પાસબુક
7. ડ્રાઈવિંગ લાઈસન્સ
8. ભાડા કરાર
9. લગ્ન પ્રમાણપત્ર
10. સ્કુલ લીવિંગ સર્ટીફિકેટ

<u>અરજી સાથે નીચેમાંથી કોઈ એક ઓળખના પુરાવાની પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.</u>

1. રેશન કાર્ડ
2. મતદાર ફોટો ઓળખકાર્ડ
3. આધારકાર્ડ
4. પાસપોર્ટ
5. ડ્રાઈવિંગ લાઈસન્સ

# ચેકલીસ્ટ

## ફક્ત આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાની ભરતી માટે

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| ક્રમ | વિગત | હા/ના |
|---|---|---|
| ૧ | અરજીપત્રક | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | |
| ૩ | અરજદારનો તલાટી-કમ-મંત્રીની રૂબરૂમાં જવાબ | |
| ૪ | પંચનામુ | |
| ૫ | સોગંદનામુ | |
| ૬ | રહેઠાણનો પુરાવો (રેશન કાર્ડ/મતદાર ફોટો/ઓળખકાર્ડ/આધારકાર્ડ/લાઈટબીલ/ટેલીફોન બીલ/મ્યુનિસિપલ ટેક્ષ બીલ/પાસપોર્ટ/બેંક પાસબુક/ડ્રાઈવિંગ લાઈસન્સ/ભાડા કરાર/લગ્ન પ્રમાણપત્ર/સ્કુલ લીવિંગ સર્ટીફિકેટ) ગમે તે એક | |
| ૭ | ઓળખનો પુરાવો (રેશન કાર્ડ/મતદાર ફોટો ઓળખકાર્ડ/આધારકાર્ડ/પાસપોર્ટ/ડ્રાઈવિંગ લાઈસન્સ) ગમે તે એક | |

સ્થળ: ........................................

તારીખ: અરજદારની સહી/નામ

અરજીપત્રક સ્વીકાર્યું

.....................................................................

જનસેવા કેન્દ્ર પરના કર્મચારીની સહી/નામ/સિક્કો/તારીખ

બાર-કોડ સ્ટિકર
માટેની જગ્યા

# અરજીપત્રક

નામ:.............................................

સરનામુ:...........................................

......................................................

તારીખ:...........................................

| |
|---|
| અરજદારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |

| |
|---|
| કોર્ટ ફી સ્ટેમ્પ રૂ. ૩/- |

પ્રતિ,
મામલતદારશ્રી,
..........................તાલુકો,

વિષય: રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર મેળવવા બાબત.

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતીમાં નામ નોંધવા માટે રહેઠાણ અંગેના દાખલાની જરૂર છે. હાલમાં હું, ......................................., .................... ................................................................ સરનામે, ચૂંટણી વોર્ડ નં.......... (નગરપાલીકા/ મહાનગરપાલીકા વિસ્તાર માટે) માં છેલ્લા ........ વર્ષથી રહું છું. મારી વધુ વિગતો નીચે મુજબ છે.

1. નામ:
2. વ્યવસાય:
3. ઉંમર:
4. રહેઠાણનું સરનામું:
5. વોર્ડ નંબર (નગરપાલીકા/મહાનગરપાલીકા માટે):
6. મુળ વતનનું સરનામું:
7. જન્મસ્થળ/તાલુકો/જિલ્લો:

ઉપરની વિગતો ધ્યાને લઈ મને રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

..................................................

અરજદારની સહી/નામ

# અરજદારનો રૂબરૂ જવાબ

હું નીચે સહી કરનારશ્રી ..........................................................................................
ઉમર.......... ધંધો................................. સરનામું ..............................................................

આજ રોજ આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી માટે રહેઠાણ અંગેનો દાખલા માટે અરજી કરેલ છે જેમાં રહેઠાણના પુરાવા તરીકે ............................. રજુ કરેલ છે. અમે છેલ્લા ........ વર્ષથી ઉપર દર્શાવેલ સરનામે રહીએ છીએ.

ઉપરની વિગતો સાચી છે જે વાંચી સમજીને સહી કરેલ છે.

સ્થળ:

તારીખ:

..............................
અરજદારની સહી/નામ

રૂબરૂ

.........................................
તલાટીની સહી/નામ/સિક્કો

પંચનામુ

| ક્રમ | નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | ................................................. ....... | ................... | ........................................ | |
| ૨. | ................................................. ........ | ................... | .......................................... | |

અમે જાણીએ છીએ કે શ્રી ........................................................................ એ આંગણવાડી કાર્યકર/તેડાગરની ભરતી અન્વયે રહેઠાણ અંગેનો દાખલો મેળવવા માટે અરજી કરેલ છે. અરજદાર છેલ્લા ......... વર્ષથી ....................................................................................................... સરનામે રહે છે તેમજ અરજદારને ................ વર્ષથી અંગત રીતે ઓળખીએ છીએ.

ઉપરની વિગતો સાચી છે જે વાંચી સમજીને સહી કરેલ છે.

સ્થળ: (૧) ......................................

તારીખ: (૨) ......................................

અરજદારની સહી/નામ

રૂબરૂ

........................................

તલાટીની સહી/નામ/સિક્કો

# સોગંદનામુ

રૂ.૨૦/- ના સ્ટેમ્પ ઉપર

હું નીચે સહી કરનાર ........................................................................................ ઉ.વ. .............. વ્યવસાય .............. રહેવાસી........................................................................................ ........................................................................................ ચૂંટણી વોર્ડ નંબર.......... (નગરપાલીકા/મહાનગર પાલીકા વિસ્તાર માટે) આથી મારા ધર્મના સોગંધ લઈ પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે,

1. અમે ઉપર દર્શાવેલ સરનામે છેલ્લા ........... વર્ષથી રહીએ છીએ.
2. આ અંગેના રહેઠાણના પુરાવા તરીકે ...................................... આ સાથે રજુ કરીએ છીએ.
3. આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાની અરજીમાં નામ દાખલ કરાવવા માટે આ રહેઠાણના દાખલાની જરૂરીયાત ઉભી થયેલ છે.

ઉપર જણાવેલ તમામ વિગતો/ હકીકત સાચી છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત રજુ કરેલ હોવાનું ધ્યાને આવશે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે એની મને સારી રીતે જાણ છે.

સ્થળ: ...................................

તારીખ: અરજદારની સહી/નામ

# <u>રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર માટે)</u>

(ફક્ત આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ..................................................... એક વર્ષ કરતા વધુ સમયથી ગામ .............. તાલુકો............... જિલ્લો ............ ખાતે વસવાટ કરે છે. રેકર્ડ આધારિત ચકાસણી કરીને આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કચેરીનું નામ/સરનામુ: મામલતદારની સહી

તારીખ: નામ:

સિક્કો

# રહેઠાણ અંગેનું પ્રમાણપત્ર (નગરપાલીકા/મહાનગરપાલીકા વિસ્તાર માટે)

(ફક્ત આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, શ્રી ...................................................... એક વર્ષ કરતા વધુ સમયથી ...................................................... સરનામે વોર્ડ નંબર ......... ખાતે વસવાટ કરે છે. રેકર્ડ આધારિત ચકાસણી કરીને આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

કચેરીનું નામ/સરનામુ: મામલતદારની સહી

તારીખ: નામ:

સિક્કો